જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૫૭/૧૭

ક્રાઇમબ્રાન્ચ :

## શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ખુનના ગુનામાંબે આરોપીઓને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

અમદાવાદ શહેર શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૨૬.૯.૨૦૧૭ ના રોજ આરોપી (૧) રવિ ભાઇલાલભાઇ ઓડ (૨) મનીષ ભાઇલાલભાઇ ઓડ (૩) ભાઇલાલભાઇ બચુભાઇ ઓડ ત્રણેય રહે.ધાબાવાળી ચાલી મેમ્કો નરોડા રોડ અમદાવાદ શહેર નાઓએ ભેગા મળી ટ્રેકટરના માટીના ફેરા મારવા બાબતે થયેલ ઝઘડાની અદાવત રાખી પુનમ રતિલાલ ઓડ ઉવ૨૦ ને ચપ્પા વડે શરીરે ઘા મારી જીવલેણ ઇજાઓ પહોંચાડી મોત નીપજાવેલ હોય આ અંગે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ ગુરનં ૧૮૩/૧૭ ઇપીકો કલમ ૩૦૨.૩૨૩.૧૧૪તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનોનોંધાયેલ.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએગંભીર નોંધ લઈ સદર ગુનાના આરોપીઓને સત્વરે પકડી પાડવા સારૂ જરૂરી સુચના આપતા તે સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.ઈન્સ.શ્રી આર.એસ.સુવેરા નાઓ તેમની ટીમના માણસો સાથે આ ગુનાના આરોપીઓને ઝડપી લેવા પ્રયત્નશીલ હતા. દરમ્યાન સ્ટાફના હે.કો સુરેશ શ્રીધરન નાઓ મળેલ બાતમી હકીકત આધારે તા.૨૭.૯.૨૦૧૭ ના કલાક ૧૭/૧૫ વાગે નરોડા પાટીયા પાસેથી સ્ટાફના માણસો સાથે વોચમાં રહી ઉપરોકત ગુનાના બેઆરોપીઓ (૧) રવિ @ પાંગો S/O ભાઇલાલભાઇ બચુભાઇ ઓડ ઉવ.૨૧ રહે. ધાબાવાળી ચાલી રાજીવગાંધી ભવનની સામે મેમ્કો શહેરકોટડા અમદાવાદ શહેર (૨) મનીષ S/O ભાઇલાલભાઇ બચુભાઇ ઓડ ઉવ.૨૩ રહે.સદર નાઓને પકડી પાડેલ છે.અને તેઓને શહેરકોટડા પો.સ્ટે ખાતે સોંપવા તજવીજ કરેલ છે.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતાં તા.૨૬.૯.૨૦૧૭ ના રોજ બપોરે ટ્રેકટરના માટીના ફેરા મારવા બાબતે તેઓને મરનાર પુનમ ના ભાઇ અશ્વિન સાથે ઝઘડો થયેલ તેની અદાવત રાખી સાંજના સાતેક વાગ્યાની આસપાસ ધાબાવાળી ચાલી જોગણીમાતાના મંદિર પાસે મરનારના ભાઇ/ફરીયાદી અર્જુન સાથે બોલાચાલી ઝઘડોથતા મરનાર પુનમ તેઓને છોડાવવા વચ્ચે પડતા આરોપી મનીષે ફરીયાદી અર્જુન ને મોંઢા પર એક ફેંટ મારેલ અને પોતાના પિતા/આરોપી ભાઇલાલભાઇ એ અર્જુનની બોચી પકડી લીધેલ અને આ વખતે પુનમ છોડાવવા વચ્ચે પડતા આરોપી રવિએ ચપ્પુ કાઢી પુનમના પેટના ભાગે ડુટી પાસે જમણી બાજુ તથા પેટની ડાબી બાજુ ઘા મારી દીધેલ અને તેઓ તમામ ત્યાંથી ભાગી ગયેલ હોવાનુ જણાવેલ છે.



**સુરક્ષા સેતુ રથ:**

વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.